કો.મુ.ન. ૨૧/૧૪

આંક–૧ લગત હુકમ

સદર દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા હાલનો દાવો પુરાવાના સ્ટેજ ઉપર છે. સદર દાવામા તા. ૧૬/૬/૧૫ ના રોજ આંક ૩૮ થી મુદદા ફ્રેમ કરવામા આવેલ છે. જેના અનુસંધાને પુરાવો રજુ કરવા માટે આ કામના વાદી તર્ફે તેમના વિ.વ.શ્રી. ધ્વારા આંક ૩૭ થી આંક ૪૦ તેમજ આંક ૪૩ તેમજ આંક ૪૫ તેમજ આંક ૪૬ થી મુદત અરજી રજુ કરેલ છે. જે મુદત અરજીઓ આ કામના વાદીને પુરાવો રજુ કરવાની પુરેપુરી તક મળી રહે તે હેતુ થી ન્યાયના હીતમા મંજુર કરવામા આવેલ છે.તેમજ આંક ૪૪ થી વાદીના વિ.વ.શ્રી.નાઓએ સદરહુ દાવો એડી.સીવીલ કોર્ટ આંકલાવમાથી પ્રિન્સી. સીવીલ કોર્ટ આંકલાવમા ટ્રાન્સફર થયેલ હોવા બાબતની જાણ તેઓને છે.તે મતલબની પુરસીસ પણ આપેલ છે. ત્યાર પછી પણ વાદી તર્ફે પુરાવો રજુ કરેલ ના હોય તેથી આ કામના વાદીને અત્રેની કોર્ટ તરફથી પુરાવો રજુ કરવા માટે નોટીસ ઈસ્યુ કરવામા આવેલ જેની આંક ૪૭ થી તા. ૨૩/૬/૧૬ ના રોજ બજવણી થઈ ગયેલ છે. તેમ છતા આ કામના વાદી પોતે વારંવાર પોકાર કરવાવા છતા હાજર રહેલ નથી. તેમજ વાદીના વિ.વ.શ્રી. નાઓ ધ્વારા કોઈ મુદત અરજી પણ આપેલ નથી. તેમજ પુરાવો રજુ કરવા માટે કોઈ તૈયારી બતાવેલ નથી.

તેથી આંક ૪૭ વાળી બજેલ નોટીસની હકીકત ધ્યાને રાખતા આ કામના વાદી પુરાવો રજુ કરવા માટે નિષ્ફળ ગયેલ હોઈ જેથી આ કામના વાદીની ગેરહાજરીના કારણે સીવીલ પ્રોસીજર કોડની ઓર્ડર–૯ રૂલ–૩ ની જોગવાઈ ધ્યાને રાખતા આ કામના વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ રોજ તા. ૨૦ મી માર્ચ સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા. ૨૦/૩/૧૭
આંકલાવ

(પી.બી.બોહરા)
પ્રિન્સી. સીવીલ જજ
આંકલાવ.
કોડ જીજે ૦૧૨૯૬